**આકાશવાણી –ભુજ**

**સમાચાર વાચક: આશુતોષ અંતાણી**

**કમ્પ્યુટરરાઈઝ: મીત  ગોર**

**તારીખ :૧૩-૦૭-૨૦૨૪** **સમય: સવારે: ૬:૫૦**

## પ્રધાનમંત્રી બિમ્સ્ટેક સંગઠન

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ બિમ્સ્ટેક સંગઠનને આર્થિક અને સામાજીક વિકાસનું ચાલકબળ ગણાવીને બિમસ્ટેક ક્ષેત્રના શાંતિપૂર્ણ અને સલામતી સાથે સમૃદ્ધિ અંગે ભારતની પ્રતિબદ્ધતા દોહરાવી છે.

તેઓ ગઈકાલે  નવી દીલ્હીમાં બિમસ્ટેક સંગઠનના સભ્યદેશોના વિદેશમંત્રીઓ સાથે વાતચીત કરી રહ્યા હતા. શ્રી મોદીએ ભારતને પાડોશી દેશ પહેલાં તેમજ પૂર્વના દેશો તરફની નીતીમાં બિમસ્ટેકનું મહત્વ સમજાવ્યું હતું. તેમણે આગામી સપ્ટેમ્બરમાં થાઇલેન્ડમાં યોજાનાર બિમસ્ટેક શિખર પરિષદ માટે ભારતના સમર્થનની જાહેરાત કરી હતી.

આ બેઠકમાં બિમસ્ટેક સંગઠનના દેશોમાં ઉર્જા, વેપાર, કૃષિ સહિત વિવિધ ક્ષેત્રોમાં સહકાર મજબૂત કરવા તેમજ સભ્યદેશોના નાગરિકો વચ્ચેનો સંપર્ક વધારવા અંગે ફળદાયી ચર્ચા થઇ હતી.

આશુતોષ અંતાણી

---

## કેન્દ્ર સરકાર : 25 જૂનને સંવિધાન હત્યા દિવસ

સરકારે દર વર્ષે 25 જૂનને સંવિધાન હત્યા દિવસ તરીકે મનાવવાનો નિર્ણય લીધો છે. વર્ષ 1975માં આ દિવસે ભૂતપુર્વ પ્રધાનમંત્રી ઇન્દિરા ગાંધીએ દેશમાં કટોકટી લાદી હતી.

સોશિયલ મિડિયા પોસ્ટમાં કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહે ગઈકાલે  જણાવ્યું હતું કે, દમનકારી સરકારનાં અત્યાચાર છતાં લોકશાહીનાં પુનઃ સ્થાપન માટે સંઘર્ષ કરનાર લાખો લોકોની ભાવનાનું સન્માન કરવા માટે આ નિર્ણય લેવામાં આવ્યો છે.

તેમણે જણાવ્યું કે, સંવિધાન હત્યા દિવસ મનાવવાને કારણે વ્યકિતગત સ્વતંત્રતાની શાશ્વત જ્યોતિ પ્રજ્વલિત રહેશે અને દરેક ભારતીયમાં દેશની લોકશાહી જીવંત રહેશે.

આશુતોષ અંતાણી

---

# કેન્દ્ર સરકારે ધોલેરા-ભીમાનાથ રેલ્વે  પ્રોજેક્ટ

કેન્દ્ર સરકારે ધોલેરા-ભીમાનાથ (લોજિસ્ટીક હબ) નવી બ્રોડગેજ રેલ્વે લાઇન પ્રોજેક્ટ માટે 466 કરોડ રૂપિયા મંજૂર કર્યા છે.

ધોલેરા ભીમાનાથ વચ્ચેની 23.33 કિલોમીટરની આ નવી બ્રોડગેજ રેલ્વે લાઇનના પરિણામે નવી દિલ્હી–મુંબઇ ઇન્ડસ્ટ્રીયલ ફ્રેટ કોરિડોર સાથે ધોલેરાને કનેક્ટિવિટી ઉપલબ્ધ થશે. આ રેલ્વે પ્રોજેક્ટ પૂર્ણ થતા ધોલેરા ખાસ મૂડીરોકાણ વિસ્તાર- SIR સાથે સંપૂર્ણ કનેક્ટીવિટી ઇકોસિસ્ટમ સાથે DMICનું અભિન્ન અંગ બનશે અને ભવિષ્યમાં ધોલેરા SIRના ઉદ્યોગો માટે ઉત્પાદન અને કાચા માલના પરિવહન માટે પણ ઝડપી કનેક્ટિવિટી ઉપલબ્ધ થશે.

આગામી થોડા વર્ષોમાં ધોલેરા SIR, ઉત્પાદનનું વૈશ્વિક કેન્દ્ર તરીકે ઉભરી આવશે, ત્યારે આ બ્રોડગેજ રેલ્વે લાઇન પ્રોજેક્ટ તેમાં મહત્વપૂર્ણ બની રહેશે.

રેલવે લાઇન માટેની ફાળવણી બાબતે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કેન્દ્ર સરકારનો આભાર વ્યક્ત કર્યો હતો.

આશુતોષ અંતાણી

---

# રાજ્યના મત્સ્યોદ્યોગ મંત્રી: મત્સ્યોદ્યોગ વિકાસ

રાજ્યમાં મત્સ્યોદ્યોગ માટેના માળખાકીય વિકાસ ભંડોળ અંતર્ગત નવા 4 મત્સ્યોદ્યોગ બંદરોનું નિર્માણ થશે. આ ઉપરાંત રાજ્યના ઉમરસાડી અને ચોરવાડ ફીશ લેન્ડીંગ સેન્ટર ખાતે પાયલટ પ્રોજેક્ટ હેઠળ ફ્લોટિંગ જેટ્ટીનું નિર્માણ કરાશે.

રાજ્યના મત્સ્યોદ્યોગ મંત્રી રાઘવજી પટેલે તમિલનાડુના મદુરાઈ ખાતે "મત્સ્યોદ્યોગ અંગેની રાષ્ટ્રીય બેઠકમાં"વિડીયો કોન્ફ્રિંસંગ ના માધ્યમથી સંબોધન કરતાં આ મુજબ જણાવ્યું હતું. તેમણે ગુજરાતે માત્સોધ્યોગ ક્ષેત્રે હાંસલ કરેલી સિદ્ધિઓ અંગે માહિતી આપી હતી.

તેમણે કહ્યું કે,ગુજરાતમાં બોટ રજીસ્ટ્રેશન માટે રીયલ ક્રાફ્ટ બોટ સર્વે, ડીઝલ સબસીડી અને ઓનલાઈન ટોકન સીસ્ટમના ઉપયોગથી માછીમારોને સરકારી યોજનાઓનો લાભ સરળતાથી અને ઝડપથી મળી રહ્યો છે. અને ઉલ્લેખનીય છે કે, ગુજરાતમાં મત્સ્યોદ્યોગના વિકાસ માટે ચાલુ વર્ષે 1 હજાર 300 કરોડ રૂપિયાની જોગવાઈ કરવામાં આવી છે.

આશુતોષ અંતાણી

---

## રાજ્ય : હવામાન

રાજ્યના દક્ષિણ ગુજરાતના કેટલાક વિસ્તારોમાં આગામી 24 કલાકમાં ભારેથી અતિભારે વરસાદ થવાની સંભાવના છે. હવામાન વિભાગની યાદીમાં જણાવ્યું છે કે, આજથી 17મી જુલાઇ દરમિયાન રાજ્યના મોટાભાગના વિસ્તારોમાં હળવોથી ભારે વરસાદ થવાની સંભાવના છે. કેટલાક સ્થળોએ ગાજવીજ સાથે વરસાદ થઇ શકે છે. આ સમયગાળામાં જમીન પર પવનની ગતિ 30થી 40 કિલોમીટર પ્રતિ કલાક રહેવાની શક્યતા છે.

આશુતોષ અંતાણી

---

## કચ્છ હવામાન

કચ્છ માં છેલ્લા બે ત્રણ દિવસ થી છુટા છવાયા અમી છાટણાને બાદ કરતા મેઘ વિરામનો માહોલ છે ત્યારે હવામાન વિભાગ દ્વારા જીલ્લા માં આવતા સપ્તાહ માં વરસાદના નવા રાઉન્ડ ની આગાહી કરવામાં આવી છે હવામાન વિભાગના જણાવ્યા અનુસાર બંગાળની ખાડી માં એક નવી સિસ્ટમ સર્જાઈ રહી છે જેની અસર અંતર્ગત તારીખ ૧૬ કે ૧૭ આસપાસ વરસાદ નો નવો રાઉન્ડ શરુ થઇ શકે છે દરમ્યાન જીલ્લા મથક ભુજ માં ગઈકાલે મોડી રાતે વરસાદી ઝાપટું થતા માર્ગો પણ પાણી વહી નીકળ્યા હતા. જીલ્લા માં પવન ની સરેરાશ ઝડપ ૧૦ થી ૧૫ કિમી રહી હતી ધૂપ છાવ ના માહોલ વચ્ચે જીલ્લા માં વાતાવરણ માં ઉકળાટ યથાવત રહ્યો હતો.

આશુતોષ અંતાણી

---

કેન્દ્ર સરકારના રેલવે વિભાગ દ્વારા 165 અમૃત ભારત પ્રેમ શરૂ કરવામાં આવશે જેમાં સ્લીપર અને જનરલ કોચ પણ સામેલ રહેશે વધુમાં રેલવે બોર્ડના અધિકારીને જણાવે અનુસાર ચાલુ નાણાકીય વર્ષમાં અમૃત ભારત ટ્રેનના કુલ ૧૧૮૧ જનરલ અને સ્લીપર કોચને ઉત્પાદન કરવામાં આવશે

આશુતોષ અંતાણી

---

## ક્રિકેટ

પ્રવાસી ભારત અને ઝિમ્બાબ્વે વચ્ચે આજે પ્રવર્તમાન પાંચ t -20 ક્રિકેટ શ્રેણીની ચોથી મેચ રમાશે,અત્રે ઉલ્લખનીય છે ભારત આ શ્રેણી માં ૨- ૧ ની સરસાઈ ધરાવે છે.

આશુતોષ અંતાણી

---